પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૬૦ | ૧૦ મે, ૨૦૧૮, ગુરૂવાર ; વૈશાખ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

ઈમ્ફાલમાં બ્લાસ્ટ

પૂર્વોત્તર રાજ્ય મણીપુરની રાજધાની ઈમ્ફાલમાં બીએસએફની કેન્દ્રની બહાર વિસ્ફોટ થયો હતો. જેમાં બે જવાનો મૃત્યુને ભેટ્યા છે. આતંકવાદીઓએ અહી વિસ્ફોટ કર્યો હોવાના અહેવાલ છે.

તાજમહેલ બાબતે સુપ્રિમ કોર્ટ નારાજ

છેલ્લા કેટલાય સમયથી તાજમહેલના રંગમાં જે ફેરફારો જોવા મળી રહ્યા છે તે બાબતે સુપ્રિમ કોર્ટે ચિંતા દર્શાવી છે અને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગ સામે નારાજગી દર્શાવી છે.

ઉત્તર કોરીયાએ અમેરિકી બંધકોને મુક્ત કર્યા

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વીટ કરીને જાણકારી આપી છે કે ઉત્તર કોરીયાએ ત્રણ અમેરિકન બંધકોને મુક્ત કર્યા છે અને અમેરિકી વિદેશમંત્રી સાથે તેઓ ટૂંક સમયમાં પરત અમેરિકા આવી જશે.

સાઉદીમાં મહિલાઓને કાર ચલાવવાની મળશે આઝાદી

સાઉદી સરકારે જાહેરાત કરી છે કે મહિલાઓને ૨૪ જૂનથી દેશમાં કાર ચલાવવાની આઝાદી મળશે. ટ્રાફિક વિભાગના મહાનિર્દેશક મોહંમદ અલ બસાનીએ આ જાણકારી આપતાં કહ્યું કે અહીં મહિલાઓને ડ્રાઈવિંગનો હક આપવા સંબંધી તમામ જરૂરિયાતો પૂરી કરી લેવાઈ છે.

અમેરિકાએ ઈરાન પરમાણુ સમજૂતિ ફગાવી

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ આ બાબતને એક ગંભીર ભુલ ગણાવી : આ સમજૂતી નિષ્ફળ ગઈ તો તે પહેલાં કરતાં અનેક ગણા યુરેનિયનું સંવર્ધન કરશે : ઈરાન

વૉશિંગ્ટન,તા.૯

અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેની ઐતિહાસિક પરમાણુ સમજુતીને ફગાવી દીધી છે. ગિન્નાયેલા ઈરાને પણ તત્કાળ પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, જો આ સમજુતી નિષ્ફળ ગઈ તો તે પહેલા કરતા અનેક ગણા યૂરેનિયમનું સંવર્ધન કરશે. જ્યારે સંયુક્ત રાષ્ટ્રના અધ્યક્ષ એંટોનિયો ગુટરેસએ પરમાણું સમજુતી સાથે સંકળાયેલા તમામ દેશોને અપીલ કરી છે કે તે આ સમજુતી સાથે જોડાઈ રહે.

ટ્રમ્પે ભારતીય સમયાનુંસાર અડધીરાત્રે વ્હાઈટ હાઉસમાં પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું હતું કે, 'મારા માટે એ સ્પષ્ટ છે કે અમે ઈરાનના પરમાણું બોમ્બને રોકી ન શકીએ. ઈરાન સમજુતિ મૂળ રૂપે દોષયુક્ત છે. તેથી હું આજે ઈરાન સમજુતીથી અમેરિકા અલગ થઈ રહ્યું હોવાની જાહેરાત કરુ છું. આ સાથે જ તેમણે ઈરાન વિરૂદ્ધ નવા પ્રતિબંધો પર પણ હસ્તાક્ષર કર્યા અને સાથે એવી પણ ચેતવણી આપી હતી કે જે કોઈ પણ ઈરાનને મદદ કરશે તેમણે પ્રતિબંધોનો સામનો કરવો પડશે.

ડૉનાલ્ડ ટ્રમ્પે યૂરોપિયન સહયોગીઓ અને અમેરિકાના ટોચના ડેમોક્રેટિક નેતાઓની સલાહને ફગાવતા આ ઈરાનની પરમાણું સમજુતી ફગાવવાનો નિર્ણય લીધો છે. અગાઉ ચૂંટણી

● અનુસંધાન પાન-૭ પર

ન્યૂક્લિયર ડીલથી અલગ થતાં જ ઈઝરાયેલનો ઈરાન પર હવાઈ હુમલો

જેરુસલેમ,તા.૯

અમેરિકાએ ઈરાનની સાથે ત્રણ વર્ષ પહેલાં થયેલી પરમાણુ ડીલથી પોતાને અલગ કરી દીધા છે. પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે વ્હાઈટ હાઉસથી ટીવી પર આવેલા ભાષણમાં આ જાહેરાત કરી છે. આ સાથે જ તેઓએ ઈરાન પર ફરીથી આર્થિક પ્રતિબંધો લાગુ કરવાની વાત કહી છે. ટ્રમ્પની ન્યૂક્લિયર ડીલમાંથી અલગ થવાની જાહેરાતના એક કલાક બાદ ઈઝરાયલે ઈરાનમાં એર સ્ટ્રાઈક કરી હતી. જેમાં ૯ જેટલાં ઈરાની સૈનિકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. સીરિયલ ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સના જણાવ્યા અનુસાર, સીરિયાની રાજધાની દમાસ્કસમાં આવેલા ઈરાન રિવોલ્યુશનરી ગાર્ડ બેઝને ઈઝરાયલ સૈન્યએ ટાર્ગેટ બનાવ્યું હતું.

ઈરાન પાર્લામેન્ટમાં સાંસદોએ અમેરિકા ફ્લેગની હોળી કરી

તેહરાન,તા.૯

ઈરાનના રાજકારણીઓએ ઈરાન પાર્લામેન્ટમાં આજે યુએસના રાષ્ટ્રધ્વજને સળગાવ્યો હતો. પાર્લામેન્ટમાં હાજર સાંસદોએ ડોનાલ્ડ ટ્રમ્પનું 'દિમાગ કોઈ જાતના ડીલને સમજી શકવા માટે નબળું છે' તેવું પણ કહ્યું હતું. એટલું જ નહીં, સાંસદોએ 'ડેથ ટુ અમેરિકા'ના સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. લૉમેકર્સે ધ્વજની સાથે સાથે સ્ટાર્સ અને સ્ટ્રાઈપ્ડવાળી ઈરાન ડીલની પ્રતિકાત્મક કોપી પણ સળગાવી હતી. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન ન્યૂક્લિયર ડીલમાંથી અમેરિકાને અલગ કરી દીધું છે.

અમેરિકાએ ડીલમાંથી બહાર જવાના નિર્ણય બાદ ઈરાનના પ્રેસિડન્ટ હસન રોહાનીએ યુરેનિયમની પેદાશ કોઈ પણ પ્રકારના બંધનો વગર કરશે તેવું નિવેદન આપ્યું હતું. પાર્લામેન્ટ સ્પીકર અલી લારિજાનીએ કહ્યું કે, ટ્રમ્પ પાસે આ ડીલને સમજવાની મેન્ટલ કેપેસિટી નથી. જો કે, ઈરાન ઓફિશિયલ્સે યુરોપ આ ડીલ અને નિર્ણય વિશે કોઈ પગલાં ઉઠાવશે તેવી આશા વ્યક્ત કરી હતી.

ફ્લિપકાર્ટે વોલમાર્ટને ૭૭ ટકા હિસ્સેદારી વેચી

વિશ્વની હજુ સુધીની સૌથી મોટી પૈકીની ઇ-કોમર્સ સમજૂતિ થઇ : વોલમાર્ટ અને ફ્લિપકાર્ટના ટોચના અધિકારીઓની બેંગ્લોરમાં ટાઉનહોલમાં મિટિંગ યોજાઈ : ફ્લિપકાર્ટના શેર ખરીદી લેવા મહત્વની સમજૂતિ થઇ ગઇ

નવીદિલ્હી,તા. ૯

દેશની સૌથી મોટી ઈ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટ આજે અમેરિકાની મહાકાય કંપની વોલમાર્ટના હાથે વેચાઈ ગઈ હતી. કોર્પોરેટ જગતમાં સૌથી મોટી સમજૂતિ તરીકે આને ગણવામાં આવે છે. આ સમજૂતિ ઉપર છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી. ભારતની સૌથી મોટી ઈ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટ ૧૬ અબજ ડોલરમાં વોલમાર્ટને ૭૭ ટકા હિસ્સેદારી વેચવા માટે સંમત થઈ ગઈ હતી. ફ્લિપકાર્ટ અને વોલમાર્ટના ટોપ અધિકારીઓની આજે બેંગ્લોરમાં ટાઉનહોલ મિટિંગ યોજાઈ હતી જેમાં વોલમાર્ટે ફ્લિપકાર્ટના ૭૦ ટકા શેરને ખરીદવાનો નિર્ણય કરી લીધો હતો. ઈ-કોમર્સ કંપનીમાં તેની પકડને વધારે મજબૂત કરવાના હેતુસર ફ્લિપકાર્ટના ફ્રેશ સિક્યુરિટી તરીકે ૨-૩ અબજ ડોલર અથવા તો ૧૩૦૦૦ કરોડ રૂપિયા ઠાલવવાની યોજના ધરાવે છે. સોફ્ટ બેંકના સીઈઓ માસાયોસી સન દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. આ મિટિંગમાં વોલમાર્ટના સીઈઓ ડગ મેકમિલન સહિત બંને કંપનીઓના ટોપ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આશરે આશરે ૧૩ ખર્વ રૂપિયા મૂલ્યની ફ્લિપકાર્ટ અને દુનિયાની સૌથી મોટી રિટેલ ચેઈન વોલમાર્ટ વચ્ચે થયેલી આ સમજૂતિ ભારતની સૌથી મોટી અધિગ્રહણ સમજૂતિ પૈકીની એક છે. આ ડિલ બાદ ફ્લિપકાર્ટના બે સ્થાપકમાં એક બિલ્લી બંસલના નેતૃત્વમાં સંચાલિત રહેશે જ્યારે બીજા સ્થાપક સચિન બંસલ કંપનીમાં પોતાની ૫.૫ ટકાની હિસ્સેદારી વેચીને બહાર થવાનો નિર્ણય કરી ચુક્યા છે. ફ્લિપકાર્ટના શરૂઆતી

● અનુસંધાન પાન-૭ પર

કર્ણાટકના એક ફ્લેટમાંથી નવ હજારથી વધુ ડુપ્લીકેટ મતદાન કાર્ડ મળતાં ગરમાવો

બેંગ્લુરુ,તા.૯

ચૂંટણીના થોડા દિવસ અગાઉ ચૂંટણી પંચે કર્ણાટકના બેંગલુરૂના રાજ રાજેશ્વરી નગરના

ભાજપે ચૂંટણી રદ્દ કરવાની માંગ કરી, ચૂંટણીપંચે તપાસના આદેશ આપ્યા

જલાહલ્લીમાં એક ફ્લેટમાંથી ૯,૭૪૬ ડુપ્લીકેટ વોટર આઈડી કાર્ડ મળી આવવાની પુષ્ટી કરી છે. આ કાર્ડ કાગળમાં લપેટીને છુપાવી રાખવામાં આવ્યા હતા. ગતરાત્રીએ ચૂંટણી પંચે પત્રકાર પરીષદ યોજી આ મામલે તપાસના આદેશ આપ્યાં છે. ભાજપનો આરોપ છે કે આ ફ્લેટ કોંગ્રેસના એક ધારાસભ્યનો છે. ભાજપે રાજ રાજેશ્વરી બેઠકની ચૂંટણી રદ્દ કરવાની માગ કરી છે. આ અગાઉ કેન્દ્રીય પ્રધાન સદાનંદ ગૌડાએ ડુપ્લીકેટ ઓળખ પત્ર ભરેલી બેગનો ફોટો ટ્વિટ કરતા કહ્યું કે આ લોકતંત્ર પર હુમલો છે. રાજ રાજેશ્વરી નગર બેંગલુરૂની સૌથી મોટી વિધાનસભા બેઠકમાંથી એક છે. અહીં ૪.૩૫ લાખ મતદારો છે.

બેંગાલુરુના જલાહાલ્લી વિસ્તારમાં એક મકાનમાંથી મોટી સંખ્યામાં ડુપ્લીકેટ વોટર આઈડી કાર્ડ જપ્ત થયા છે. સંજીવ કુમારે જણાવ્યું કે તે પોતે ઘરમાં ગયા હતાં જ્યાંથી ૯ હજાર ૭૪૬ વોટર આઈડી કાર્ડ જપ્ત કરવામાં આવ્યા છે. આઈડી કાર્ડને નાના બંડલોમાં બાંધીને રાખવામાં આવ્યા હતા. દરેક બંડલ પર ફોન નંબર લખેલા હતા.આ ઉપરાંત ફ્લેટમાંથી પાંચ લેપટોપ, એક પ્રિન્ટર પણ મળી આવ્યું છે. આ સાથે જ સ્ટીલની ૨ પેટી પણ મળી આવી છે. આ મામલે ચૂંટણી પંચે ફરિયાદ દાખલ કરી છે. ચૂંટણી પંચ કમિશનર સંજીવ કુમારે જણાવ્યું કે રાજ રાજેશ્વરી મતવિસ્તારમાં ૪ લાખ ૩૫ હજાર ૪૩૯ મતદાર છે.

ત્યાંની વસ્તી પ્રમાણે તે ૭૫.૪૩ ટકા છે. ગત ટર્મમાં રિવીમન દરમિયાન ૨૮ હજાર ૮૨૫ નામ જોડવામાં આવ્યા હતા. જે બાદ અપડેશન દરમિયાન ૧૯ હજાર ૧૨ નામ વધુ જોડવામાં આવ્યા હતા. આ સાથે જ ૮ હજાર ૮૧૭ લોકોના નામ હટાવાયા હતા. આ મામલે ભાજપે રાજ રાજેશ્વરીના કોંગ્રેસના ઉમેદવાર પર ડુપ્લીકેટ આઈડી કાર્ડ બનાવવાનો આરોપ લગાવ્યો છે. ચૂંટણી પંચ સમક્ષ ચૂંટણી રદ્દ કરવાની માગણી કરી છે.

વિશ્વના સૌથી શક્તિશાળીમાં ઝિનપિંગ પ્રથમ, મોદી નવમાં સ્થાને

બિઝનેસ મેગેજિન ફોર્બ્સ દ્વારા શક્તિશાળી લોકોની યાદી જારી : રશિયન પ્રમુખ પુટિન બીજા સ્થાન ઉપર રહ્યા : છેલ્લા બે વર્ષથી મોદી નવમાં ક્રમ પર અકબંધ : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ત્રીજા સ્થાન પર ફેંકાઇ ગયા

નવી દિલ્હી,તા. ૯

અમેરિકી બિઝનેસ મેગેઝિન ફોર્બ્સદ્વારા વિશ્વના સૌથી શક્તિશાળી લોકોની યાદી જારી કરી દેવામાં આવી છે. આ યાદીમાં પહેલાની તુલનામાં કેટલાક ધરખમ ફેરફારો જોવા મળ્યા છે. આ યાદીમાં ચીનના પ્રમુખ શી જિનપિંગ પ્રથમ સ્થાન પર પહોંચી ગયા છે. જ્યારે રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિન બીજા સ્થાન પર રહ્યા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવમાં સ્થાન ઉપર છે. છેલ્લા બે વર્ષથી નરેન્દ્ર મોદી નવમાં ક્રમાંક પર છે. આ યાદીમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, ચીની પ્રમુખ જિંગપિંગ છે. જિંગપિંગ આ પહેલા યાદીમાં ચોથા સ્થાને હતા અને ટ્રમ્પ બીજા અને જર્મન ચાન્સલર માર્કેલ ત્રીજા સ્થાન ઉપર હતા. આ વર્ષેલિસ્ટમાં ટ્રમ્પ ત્રીજા ક્રમ ઉપર છે. જર્મન ચાન્સલર ચોથા, એમેઝોનના માલિક જૈફ બેજોસ પાંચમાં અને ટોપ ફ્રાન્સિસ છઠ્ઠા ક્રમાંક ઉપર છે. આ લિસ્ટમાં અબજોપતિ બિલગેટ્સ સાતમાં અને સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ બિન સલમાન આઠમાં સ્થાન પર છે. લિસ્ટમાં છેલ્લા સ્થાન પર ગુગલના સહસ્થાપક લેરી પેજ છે. આ વખતે સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સનું નામ પણ ચોંકાવનારું છે. કારણ કે તેમનો સમાવેશ પ્રથમ વખત આ યાદીમાં કરવામાં આવ્યો છે. પાંચમાં સ્થાન ઉપર તેમને જગ્યા મળી છે. યાદીમાં પોપ ફ્રાન્સિસ છઠ્ઠા, બિલ ગેટ્સ સાતમાં, ફ્રાન્સના પ્રમુખ એમૈનુએલ મેક્રો ૧૨, અલીબાબાના પ્રમુખ જેકમાં ૨૧માં ક્રમાંક ઉપર છે. મોદી બાદ ફેસબુકના સીઈઓ માર્ક ઝકરબર્ગ ૧૩માં, બ્રિટનના વડાપ્રધાન ટેરિઝા મે ૧૪માં, ચીનના વડાપ્રધાન લી કિંવગ ૧૫, એપલના સીઈઓ ટીમ કૂક ૨૪માં સ્થાન ઉપર છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણી ૩૨માં ક્રમાંક ઉપર છે. આ યાદીમાં મોદી ઉપરાંત સ્થાન મેળવનાર એક માત્ર ભારતીય છે. માઈક્રોસોફ્ટના સીઈઓ ભારતીય મૂળના સત્ય નડેલા ૪૦માં સ્થાન પર છે. લિસ્ટ જારી કરતા ફોર્બ્સે કહ્યું છે કે, જમીન ઉપર ૭.૫ અબજ લોકો છે પરંતુ આ લોકો પૈકી ૭૫ પુરુષો અને મહિલાઓએ દુનિયાને બદલવાનું કામ કર્યું છે. ફોર્બ્સ દુનિયાની સૌથી શક્તિશાળી લોકોની વાર્ષિક રેંકિંગ માટે દરેક ૧૦ કરોડ લોકોમાંથી એક વ્યક્તિની પસંદગી કરે છે. જેમનું કાર્ય સૌથી મહત્વપૂર્ણ રહેલું હોય છે.

ફોર્બ્સનું કહેવું છે કે, મોદી દુનિયા બીજા સૌથી વધારે વસતી ધરાવતા ભારતમાં ખુબ જ લોકપ્રિય નેતા છે. મનીલોન્ડરિંગ અને ભ્રષ્ટાચારની સામે લડવા માટે મોદી સરકારે નવેમ્બર ૨૦૧૬માં નોટબંધી જેવો કઠોર નિર્ણય કર્યો હતો. તાજેતરમાં જ મોદીએ પોતાના વિદેશી પ્રવાસ દરમિયાન ટ્રમ્પ અને જિંગપિંગની સાથે મુલાકાત કરી હતી અને વૈશ્વિક નેતાઓમાં પોતાની ઓળખ ઉભી કરી હતી.

પુત્રના લગ્ન માટે લાલૂને પાંચ દિવસ પેરોલ મળ્યા

નવી દિલ્હી,તા. ૯

ઘાસચારા કૌભાંડમાં સજા ભોગવી રહેલા રાષ્ટ્રીય જનતા દળના વડા લાલૂ પ્રસાદ યાદવની પેરોલ મંજુર કરી લેવામાં આવી છે. હવે તેઓ પોતાના મોટા પુત્ર તેજપ્રતાપ યાદવના લગ્નમાં હાજરી આપશે. પાંચ દિવસના પેરોલ ઉપર જેલની બહાર આવી શકશે. આ માહિતી લાલૂના વકીલ અને તેમના નજીકના લોકો દ્વારા આપવામાં આવી છે. તેજપ્રતાપ યાદવ અને બિહારના પૂર્વ મંત્રી ચંદ્રિકા રાયની પુત્રી ઐશ્વર્યાના ૧૨મી મેના દિવસે લગ્ન થનાર છે. બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવને ઘાસચારા કૌભાંડ કેસના સંદર્ભમાં ખાસ સીબીઆઈ કોર્ટે દોષિત જાહેર કરીને કઠોર સજા ફટકારી હતી. લાલૂ યાદવ ડિસેમ્બર મહિનાથી જેલમાં છે. હાલમાં સારવાર માટે રાંચી હોસ્પિટલમાં રાખવામાં આવ્યા છે. બુધવારની સાંજે પટણા પહોંચ્યા હતા. ગયા સપ્તાહમાં લાલૂ યાદવે જામીન માટે ઝારખંડ હાઈકોર્ટની સમક્ષ અરજી કરી હતી પરંતુ વકીલોની હડતાળના કારણે ન્યાયિક કામગીરી હાથ ધરી શકાય ન હતી. ત્યારબાદ લાલૂ પ્રસાદે પોલીસ મહાનિર્દેશક સમક્ષ આ સંદર્ભમાં અરજી કરી હતી. લાલૂ યાદવને ત્રણ ઘાસચારા કૌભાંડમાં દોષિત ઠેરવાયા છે અને હાલમાં જેલમાં છે.

દિલ્હી-એનસીઆરમાં ભૂકંપ

નવી દિલ્હી,તા. ૯

દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતના અનેક વિસ્તારો આજે પ્રચંડ ભૂકંપથી હચમચી ઉઠ્યા હતા. આની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૨ જેટલી આંકવામાં આવી હતી. અફઘાનિસ્તાન સરહદ નજીક તઝાકિસ્તાનમાં બપોરે પ્રચંડ આંચકો આવ્યા બાદ તેની સીધી અસર પાકિસ્તાન અને ઉત્તર ભારતના જુદા જુદા ભાગોમાં જોવા મળી હતી.

ભારતના વિવિધ ભાગોમાં આંચકો અનુભવાયો હતો જેમાં પંજાબ, હરિયાણા, જમ્મુ કાશ્મીરનો સમાવેશ થાય છે. આ રાજ્યોમાં આંચકો ૪.૧૫ વાગે અનુભવાયો હતો. હવમાન વિભાગે કહ્યું છેકે, આ આંચકાની અસર ઉત્તરભારતમાં જોવા મળી હતી પરંતુ કોઈપણ પ્રકારનું નુકસાન થયું નથી.

કાશ્મીરમાં ચાર આતંકી સહિત સાત ઓવરગ્રાઉન્ડ વર્કરની ધરપકડ

સેનાને મોટી સફળતા : મોટા પ્રમાણમાં સેનાએ હથિયારો જપ્ત કર્યા

શ્રીનગર,તા.૯

ઉત્તર કાશ્મીરના હાઝિન વિસ્તારમાં આજે સેનાએ ચાર આતંકવાદીઓ અને સાત ઓવર ગ્રાઉન્ડ વર્કરની ધરપકડ કરી. ત્યારબાદ પોલીસે પ્રેસ કોન્ફરન્સ કરીને સમગ્ર ઘટનાક્રમ વિશે વિસ્તારથી જાણકારી આપી. વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ જણાવ્યુ કે કાકા-ભત્રીજા સહિત ત્રણ નાગરિકોની હત્યાના કેસમાં સેનાએ ચાર આતંકવાદીઓ અને સાત ઓવર ગ્રાઉન્ડ વર્કરની ધરપકડ કરી છે. સેના ધરપકડ કરાયેલા લોકો સાથે પૂછપરછ કરી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર પકડાયેલા ચાર આતંકવાદીઓમાંથી બે આતંકી સક્રિય હતા. તમામ આતંકવાદી અને ઓજીડબ્લુ લશ્કર-એ-તોયબા સાથે જોડાયેલા હતા. પોલીસે હાઝિન વિસ્તારમાંથી લશ્કરના ઠેકાણાઓનો પર્દાફાશ કરતા કુલ ૧૦ લોકોની ધરપકડ કરી છે. હત્યા સાથે જ અન્ય આરોપોમાં સામેલ આ આતંકવાદીઓની ધરપકડ માટે બારામુલામાં ૫૩ ઝઈઁદ્ધ બટાલિયન, ૪૬ રાષ્ટ્રીય રાઈફલ્સ અને ૫૨ રાષ્ટ્રીય રાઈફલ્સ તરફથી અભિયાન ચલાવાયુ હતુ. પોલીસના કહેવા અનુસાર બારામુલા નિવાસી લશ્કર આતંકવાદી એજાજ ગુજરી, સોપોરનો નદીમ, ઓલ્ડ ટાઉન બારામુલાના બિલાલ અને અમરગઢ સોપોરના નાસિર મોચીની ધરપકડ કરવામાં આવી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેકશીફ્ટ લોન એરીયા
સિદ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા
શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ
૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઈન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અદ્યતન કિચન વ્યવસ્થા
બુકિંગ ચાલુ છે
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
ક-૭, રાંધેજા રોડ, પસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalayfarm&partyplot.com | shivalayfarm&partyplot@gmail.com
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુદ્ધસિંહ 98981 85149
ક-૭, રાંધેજા રોડ, મનાવા પેટ્રોલિયમની બાજુમાં, ગાંધીનગર